અપીલ અરજી નં.૨૨૩ તા.૨૨–૧૦–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૮–૯–૦૯ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૨(અડાજણ) અંતિમ ખંડ નં.૨૮ રે.સ નં.૪૮૯/૨/૩ ના માલિકો વિરબાઈ ઉર્ફે બાનુબેન શાપુરજીના વગેરે હોવાનું આ.નં.૨૪૦ તા.૬–૫–૦૮ થી જણાવેલ તેની વિગતવાર માહિતી અને દફતર રેકર્ડનો આધાર પુરાવાઓ નકશાઓ અને વિગતો અને સહી સિકકાવારી નકલોની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજુકરની તા.૨૨–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૩/૨૦૦૯–૧૦

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૮–૯–૦૯ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૨(અડાજણ) અંતિમ ખંડ નં.૨૮ રે.સ નં.૪૮૯/૨/૩ ના માલિકો વિરબાઈ ઉર્ફે બાનુબેન શાપુરજીના વગેરે હોવાનું આ.નં.૨૪૦ તા.૬–૫–૦૮ થી જણાવેલ તેની વિગતવાર માહિતી અને દફતર રેકર્ડનો આધાર પુરાવાઓ નકશાઓ અને વિગતો અને સહી સિકકાવારી નકલોની માહિતી આપવા બાબતે માંગેલ માહિતી અને પેપર્સ આપ્યા નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૫ તા.૨૭–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૮–૯–૦૯ ની અરજીથી ટીપ નં.૧૨ અડાજણ ના રેસ. નં.૫૦૮/બ , મુળ ખંડ નં.૧૮ ના અંતિમ ખંડ નં.૨૮ દુર્લભભાઈ નારણભાઈને સુરત મહાનગરપાલિકા તરફથી ફાળવેલ છે. આમ છતાં અંતિમ ખંડ નં.૨૮ રે.સ. નં.૪૮૯/૨/૩ ના માલિકોનું હોવાનું આં.ન.૨૪૦ તા.૬–૫–૦૮ માં જણાવેલ છે. આવો રેવન્યુ સર્વે નંબર પ્રથમથી જ અડાજણ ગામના મહેસુલ રેકર્ડમાં અસ્તિત્વમાં નથી એટલેકે એ જમીન કૌભાડ કરી ઉપજાવી કાઢેલ બોગસ રેવન્યુ સર્વે નંબર છે. માટે જ એ રે.સ. નં.૨ નો (૧) ૭/૧૨ નો રેકર્ડ નથી.(૨) ગામના નમુના ૮(અ) નો રેકર્ડ નથી. (૩) ગામના નમુના ૬ (એન્ટ્રી) નો રેકર્ડ નથી. (૪) ગામના રેસ. નંબરના નકશામાં આવા બોગસ રે.સ. નંબરનો નકશો પણ નથી તથા (૫) જિલ્લા મોજણી ખાતામાં પણ આવા બોગસ રે.સ. નંબરનો નકશો નથી. (૬) ટીપી સ્કીમ નં.૧૨ (અડાજણ) માં એ રે.સ. નંબરનો કોઈ મુળ ખંડ આપેલ નથી. (૭) એનો અંતિમ ખંડ ફાળવેલ નથી.

અડાજણ ગામના મહેસૂલ રેકર્ડમાં સત્તાવાર રીતે ફા.પ્લોટ નં.૫૮ વાળી જમીન રે.સ. નં.૪૮૯ /૧ તરીકે મુળ વલ્લભભાઈ ઘેલાભાઈ ના નામે ચાલી આવતી હતી જે મનપાની કચેરીમાં ટીપી ૧૨(અડાજણ) ના રેકર્ડ ઉપરથી ફલિત થાય છે. આ મ છતાં ટીપી સ્કીમ નં.૧૨(અડાજણ) માં અંતિમ ખંડ નં.૨૮ રે.સ નં.૪૮૯/૨/૩ ના માલિકો વીરબાઈ ઉર્ફે બાનુબેન શાપુરજીના વગેરેનો હોવાનું આ.નં.૨૪૦ તા.૬–૫–૦૮ માં જણાવેલ છે એવું કયા આધારે જણાવ્યું છે તેની વિગતવાર માહિતી મનપા કચેરીના દફતરના રેકર્ડ આધારે આપવા વિનંતી ઉલ્લેખ પાછળ દફતર રેકર્ડમાં જે પણ કારણો આધાર પુરાવાઓ નકશાઓ વિગતો હોય તે તમામ સહી સિકકાવાળી પ્રમાણિત નકલો આપવાની માંગણી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ માહિતી માંગતી અરજીનો અનાદર કરેલ નથી. માહિતી ૩૦ દિવસમાં નહી મળ્યાથી નારાજ થઈ તા.૨૨–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે અત્રે રજૂ કરેલ આ.નં.૨૪૦ તા.૬–૫–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર રાંદેરઝોન તરફથી એડવોકેટ શ્રી વિપુલભાઈ જાગીરદારને પ્લાન મંજુર અંગે પાઠવેલ પત્રમાં મિલ્કત/જમીન મુળ વીરબાઈ ઉર્ફે બાનુબેન શાપુરજી કાપડીયાની રેવન્યુ રેકર્ડ ચાલતી હતી તેના ઉપરથી માહિતીની માંગણી કરેલ છે અને તેની નકલ અત્રે રજૂ કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તે અંગે કોઈ પાઠવેલ પત્ર કે વિગતો રજૂ કરેલ નથી. આમ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની તા.૮–૯–૦૯ ની અરજીથી બાબતે માંગવામાં આવેલી માહિતીના ઈન્કાર કે માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ મુળ અરજી તબદીલ કર્યા અંગે પણ કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી નહી પૂરી પડાયેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૧૧ –૦૯***

***ડે.કમિશ્નર(જનરલ)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન....જાણ તથા અમલ માટે

(૨) શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી,